# આજે ગાંધીનગરમાં કર્મચારી સંગઠ્ઠનોની મહારેલી

ગાંધીનગર, તા. ૨

આંદોલનો તાત્કાલિક સમેટાઈ જાય તે માટે મંત્રીમંડળની પેટા કમિટીની બેઠકોના સિલસિલા વચ્ચે આજે ગાંધીનગરમાં કર્મચારીઓએ મહારેલીના કરેલા આયોજનને પગલે સમગ્ર ગાંધીનગરમાં ઉત્તેજનાનો માહોલ જોવા મળી રહ્યો છે. જોકે મોડી સાંજ સુધી જિલ્લાતંત્રએ આ રેલીને કોઈ પ્રકારની મંજૂરી ન આપતાં ઉત્તેજનાઓ વધુ તીવ્ર બની છે.

ગુજરાત કર્મચારી સંયુક્ત મોરચો, ગુજરાત કર્મચારી મહામંડળ, પંચાયત કર્મચારી મહામંડળે આ રેલીમાં જોડાવા કર્મચારીઓને આહવાન કર્યુ છે.

બપોરના ૨ વાગ્યાના સુમારે આ રેલીના શ્રીગણેશ થશે. આ પહેલા કર્મચારી સંગઠ્ઠનના આગેવાનો કર્મચારીઓની સભા સંબોધશે.

ગાંધીનગરમાં કર્મચારીઓની યોજાનારી આ રેલીમાં ભાગ લેવા મોટી સંખ્યામાં કર્મચારીઓ ગાંધીનગર આવનાર હોવાનું

## તંત્રએ રેલી માટે કોઈપણ પ્રકારની મંજૂરી આપી નથી

કર્મચારી આગેવાનોએ કહ્યુ છે.

તાજેતરમાં આરોગ્ય કર્મચારી મહાસંઘ સાથેના સમાધાન પછી સરકારે જે આકરૂ વલણ લીધુ છે તે બાદ કર્મચારીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે અને આરોગ્યના કર્મયોગીઓ પણ આ રેલીમાં જોડાશે તેમ જાણવા મળેલ છે.

જુની પેન્શન યોજના, ફિક્સ પગારની નીતિની પુનઃ વિચારણા સહિતના કર્મચારીઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે આજની રેલી પછી પણ સરકાર દ્વારા હકારાત્મક ઉકેલ નહિ આવે તો આંદોલનને ઉગ્ર બનાવવામાં આવશે તેવી જાહેરાત પણ કર્મચારી આગેવાનો કરી ચુક્યા છે.

છેલ્લા ૬ મહિનામાં ગાંધીનગરમાં આ બીજીવાર કર્મચારીઓની મહારેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. કર્મચારી સંયુક્ત મોરચાએ તેનુ આયોજન કર્યુ હતુ. જોકે તે વખતે પણ આક્રમક પ્રવચનો પછી કર્મચારીઓ વિખરાઈ ગયા હતા.

બીજી તરફ વિવિધ કર્મચારી સંગઠ્ઠનોએ રેલીને લઈ અડધા દિવસની સી.એલ.ના રિપોર્ટ મુક્યા છે જેથી કર્મચારીઓ વિના કચેરીઓ આજે સુમસામ બની જશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ કર્મચારી મંડળની આજે મળેલ બેઠકમાં તમામ કર્મચારીઓ રેલીમાં જોડાશે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો અને આગામી આંદોલનાત્મક કાર્યક્રમોમાં પણ સક્રિય રહેશે તેમ પ્રમુખ પ્રકાશ ત્રિવેદીએ જણાવ્યુ છે.

### મહેસુલી કર્મચારી મંડળ વર્ગ-૩ આંદોલનના માર્ગે જશે...

ગાંધીનગર શહેરમાં આજે ૩જી સપ્ટેમ્બર જાણે આંદોલન માટેનો દિવસ જ નિર્ધારિત થયો હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે. વિવિધ કર્મચારી સંગઠ્ઠનોએ મહારેલીના આપેલા એલાન પછી આજે જિલ્લા મહેસુલી કર્મચારી મંડળ વર્ગ-૩ દ્વારા તેમના મહામંડળ દ્વારા અપાયેલ એલાનને પગલે જિલ્લાકક્ષાએ કલેક્ટરને મળી રૂબરૂ આવેદન પત્ર આપશે તેવી જાહેરાત કરી છે. આ પછી પણ તેમના પ્રશ્નોનો ઉકેલ નહિ આવે તો ૧૧મીએ રેલી, ૧૦મીએ માસ સી.એલ., ૨૨ સપ્ટેમ્બરથી પેન ડાઉન આંદોલન કરશે તેવી જાહેરાત કરી છે.

# સે-૬ માં બાકી રહેલા અન્ય ૨૫ દબાણો દુર કરીને તંત્રની ટીમે નિરિક્ષણ કર્યુ

## ફરી દબાણો ન થાય તે માટે ઇન્કવાયરી કક્ષાએથી કડક પેટ્રોલીંગ કરવામાં આવશે

ગાંધીનગર તા ૨

શહેરના સે- ૬ માં છેલ્લા બે દિવસથી દબાણ હટાવ ઝંબેશ હાથ ધરવામાં આવી છે. ગઈકાલે તંત્રએ સંયુકત ઝુંબેશના અંતે ૪૫૦ જેટલા દબાણો દુર કર્યા હતા મોટાભાગના ઝુંપડાના અને શેડના દબાણો દુર કરી હજારો ચો મી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જયારે આ ઠેકાણે ફરી દબાણો ન થાય તેની પણ વિશેષ કાળજી રાખવામાં આવશે આજે પણ સ્થળ પર સફાઈ કામગીરી માટે બુલડોઝર ફરતા જોવા મળ્યા હતા જયારે અન્ય રહી ગયેલા ૨૫ જેટલા નાના મોટા દબાણો પણ દુર કરાયા હતા. શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી દબાણો દુર કરવામાં આવતા નથી અલબત્ત આ સ્થિતિ વચ્ચે દબાણ કર્તાઓ પણ બિન્દાસ્ત બન્યા છે. સેકટરોમાં ઠેર ઠેર દબાણો વધતા જાય છે. શહેરના પાર્કીંગ પ્લેસ સહીત વોક વે પણ દબાણોની ગિરફતમાં છે. જેના લીધે ટ્રાફિક નિયમન પણ થઈ શકતુ નથી જયારે ટ્રાફિક જામ વચ્ચે માર્ગ સલામતી પણ ઘણીવાર જોખમાય છે. શહેરના સે-૬ માં અપનાબજાર વિસ્તારમાં પણ છેલ્લા કેટલાક સમયથી દબાણની સમસ્યા પેચીદી બની હતી. સે-૬ અપનાબજાર પાસે તેમજ ઘ-૩ સામે સ્થિત મેદાનમાં ઝુંપડાવાસીઓની સંખ્યા વિશેષ છે. શ્રમિકો આ વિસ્તારમાં શૌચક્રીયા માટે પણ ખુલ્લામાં જતા હોવાના લીધે આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધથી પણ નજીક રહેતા રહીશો પરેશાન બન્યા હતા. જયારે ખુલ્લા મેદાનનો પણ દબાણના લીધે અન્ય ઉપયોગ થઈ શકતો ન હતો. જયારે આ વિસ્તારને દબાણ મુકત કરવા માટે તંત્ર દ્વારા ગઈકાલે સંયુકત રીતે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં દિવસના અંતે ૪૫૦ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે અંદાજિત ૩૫ હજાર ચો મી જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જયારે આજે સતત બીજા દિવસે પણ આ વિસ્તારમાં બાકી રહી ગયેલા ૨૫ જેટલા નાના મોટા દબાણો દુર કરાયા હતા તંત્રની ટીમ દ્વારા દબાણ હટવા ઝુંબેશ બાદ સફાઈ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી. જેના લીધે આ વિસ્તારમાં હવે જગ્યા ખુલ્લી થઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરીજનોને પાર્કીંગની સમસ્યામાંથી પણ છુટકારો મળશે તેમજ આગામી દિવસોમાં જાહેર કાર્યક્રમોના આયોજન માટે ખુલ્લી જગ્યા મળી રહેશે દબાણો દુર કરાયા હાદ તંત્ર દ્વારા સ્થિતિનુ નિરિક્ષણ કરાયુ હતુ. જયારે આ વિસ્તારમાં દબાણો ન થાય તે માટે પણ જરૂરી સુચનાઓ આપી હતી.



આજ મૌસમ બડા બેઈમાન હૈ... સવારે ધુમ્મસ, બપોરે તડકો અને સાંજે આકાશમાં વાદળો ઘેરાતા આ ગીતના શબ્દો અનાયાસે જ મનમાં આવી જાય છે. વરસાદ પડતો નથી, પરંતુ વરસાદ જેવુ વાતાવરણ વારંવાર સર્જાય છે. તડકો આકરો પડે છે અને બફારો અસહ્ય બને છે. ક્યારેક વળી વરસાદી ઝાંપટુ પડી જાય છે. વહેલી સવારે ધુમ્મસભર્યુ વાતાવરણ અનુભવાય છે, જે ખુબ આહ્લાદક લાગે છે.



અંબાજી તરફ જતાં માર્ગો જય અંબે...ના નાદથી ગુંજી ઉઠ્યા છે. ભાદરવી પૂનમે અંબાજી ખાતે મેળામાં ભાગ લેવા માટે પદયાત્રીઓ અંબાજી તરફ જઈ રહ્યા છે. ધીમે ધીમે ભાવિકોનો પ્રવાહ વધી રહ્યો છે. ગાંધીનગરના માર્ગો પર અંબાજી જતાં પદયાત્રીઓની સંખ્યા સવિશેષ જોવા મળી રહી છે.

# બોર્ડ-નિગમના કર્મચારીઓને સાતમા પગારપંચ સહિતના લાભો નહી મળે તો ઉગ્ર આંદોલન કરશે

## રાજ્ય બોર્ડ-નિગમ કર્મચારી મહામંડળ દ્વારા પડતર માંગણીઓને અનુલક્ષીને સરકાર સામે બાંયો ચઢાવવાનો નિર્ણય કરાયો

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારની નીતિ વિષયક અને પ્રજાકીય કામગીરી સરળતાથી થાય તે હેતુસર વર્ષ ૧૯૮૧થી અત્યાર સુધીમાં આશરે ૫૦ જેટલા બોર્ડ-નિગમોની રચના કરવામાં આવી છે. આ બોર્ડ-નિગમોના કર્મચારીઓ-અધિકારીઓને સાતમુ પગાર પંચ તેમજ અન્ય લાભો મળતા ન હોવાની રાવ સાથે ગુજરાત રાજ્ય બોર્ડ-નિગમ સરકારી સાહસોના કર્મચારી મહામંડળ દ્વારા ના છુટકે સરકાર સામે આંદોલન કરવાનો નિર્ણય લીધો છે જેમાં જરૂર પડે તો ન્યુ દિલ્હીના જંતરમંતર ખાતે ધરણાં યોજવાની પણ તૈયારી મહામંડળે દર્શાવી છે.

ગુજરાત રાજ્ય સરકારના પંચાયત કર્મચારી અને શૈક્ષણિક કર્મચારીઓની જેમ બોર્ડ નિગમના કર્મચારીઓને સરકારી કર્મચારીઓ ગણવા તેમજ જ્યારે જ્યારે પગાર પંચ કે મોંઘવારી ભથ્થું જાહેર કરવામાં આવે ત્યારે નાંણા ખાતા દ્વારા પરિપત્રમાં તેમનો ઉલ્લેખ કરવા, બોર્ડ-નિગમના કર્મચારીઓ માટે જુની પેન્શન યોજના લાગુ કરવાં, ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતી કરવા, આઉટ સોર્સિંગની પ્રથા નાબુદ કરવા, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરતી કરવા, રાજ્ય સરકારના કર્મચારી ગણીને તે મુજબ મળવાપાત્ર લાભો આપવા, વય નિવૃત્તિની વય ૬૦ વર્ષ કરવા, કેન્દ્ર સરકારના ધોરણે ઉચ્ચત્તમ પગાર ધોરણ ૧૦, ૨૦, ૩૦ ની પ્રથાનો અમલ કરવા, બોર્ડ નિગમોને છઠ્ઠા અને સાતમા પગાર પંચનો લાભ આપવા તેમજ તે મુજબ ભથ્થાનો લાભો આપવા મહામંડળ દ્વારા માંગ કરાઈ છે.

# શહેરના સેન્ટ્રલ વર્જમાં બિન જરૂરી વનસ્પતિના ઢગના કારણે વાહનચાલકોને વિઝન મળતુ નથી

## માર્ગની વચ્ચે સ્થિત ડિવાઇડરમાં પણ ઘાસ તેમજ વનસ્પતિ દુર ન થતા વરસાદી ઝાપટા વચ્ચે જૈવિક કચરાથી મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધ્યો : માર્ગ સલામતી પણ જોખમાઇ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં સતત ભીંજારાના માહોલ વચ્ચે ઠેર ઠેર ગંદકીના દ્રશ્યો જોવા મળે છે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સફાઈના અભાવે ગંદકી ખદબદી રહી છે. જયારે શહેરના મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત વિસ્તારમાં પણ ઠેર ઠેર બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળતા રહીશો પરેશાન છે. શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ ઘાસ અને વનસ્પતિનો ઢગ ખડકાતા વાહનચાલકોને વિઝન ન મળતા માર્ગ સલામતી જોખમાઈ છે.



ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અનેકવિધ દુવિધાઓથી રહીશો પરેશાન છે. સેકટરોમાં એકબાજુ માર્ગોની દશા ખરાબ છે. ત્યારે સેકટરોના કોમન પ્લોટમાં પાણીના ભરાવાના અંતે કાદવ કિચ્ચડના લીધે ગંદકી જોવા મળે છે. આ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળી છે. જેના લીધ સેકટરોમાં જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. આ સ્થિતિ વચ્ચે શહેરના માર્ગો વચાળે સ્થિત ડીવાઈડરમાં પણ ગંદકી ખદબદી રહી છે. શહેરના સેન્ટ્રલ વર્જમાં ઘણાં ઠેકાણે સફાઈ કરવામાં આવતી નથી જયારે બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પતિની કટોતી કર્યા બાદ કચરો પણ ઉઠાવામાં આવતો નથી. શહેરમાં વરસાદી સિઝનમાં સેકટરોના આંતરિક વિસ્તાર સહીત મુખ્ય માર્ગો પર ડીવાઈડર વચ્ચે કચરાનો ઢગ ખડકાયા છે. ગંદકી વચ્ચે સેન્ટ્રલ વર્જમાં પણ મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી ગયો છે. બીજીતરફ વધી ગયેલા ઝાડ પાનના લીધે વાહનચાલકોને પણ વિઝન મળતુ નથી. જેના લીધે શહેરના માર્ગો પર માર્ગ સલામતી જોખમાઇ છે. સેન્ટ્લ વર્જમાં સફાઈના અભાવે રોડ ક્રોસ કરતા વાહનચાલકોને વિઝન ન મળતા ઘણીવાર અકસ્માતો થયા હોવાના કીસ્સા પણ છે. શહેરમાં ડિવાઈડર વચ્ચે સફાઈ કરવાની કામગીરી અગાઉ બગીચા વિભાગને સોંપવામાં આવી હતી પરંતુ અગાઉ આ મામલે ટ્રીમીંગ અને સફાઈની કામગીરી બાદ સ્થળ પર સફાઈ કરવામાં ન આવતા જૈવિક કચરો ગંદકીનુ કારણ બન્યો છે. વરસાદી ઝાપટા વચ્ચે કપાયેલી વનસ્પતિમાં પણ કોહવાટ લાગી જતા દુર્ગંધયુકત વાતાવરણ સર્જાય છે. શહેરમાં સેન્ટ્લ વર્જ સહીત આસપાસના વન આરક્ષિત વિસ્તારમાં પણ ઘાસ તેમજ બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળતા નજીકમાં રહેતા રહીશો પણ પરેશાન છે.

વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળે છે. જયારે રખડતા ઢોર અને વધતા દબાણના લીધે ગંદકીની સમસ્યા પેચીદી બની છે. વરસાદી દિવસો પુર્ણ થવાના આરે છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ શેરી સફાઈ થી માંડીને શહેરના મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત વિસ્તાર અને ડિવાઈડર વચ્ચે પણ યોગ્ય સફાઈ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# મહેસુલી તલાટી મંડળે કુમાર ગઢવીનું રાજીનામુ ના મંજૂર કરવા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨

મહેસુલી તલાટી મહામંડળે આજે જિલ્લા કલેક્ટરને એક આવેદનપત્ર આપી ગઈકાલે સરકારની નીતિઓના વિરોધમાં રાજીનામુ ધરી દેનાર તલાટીનું રાજીનામુ ના મંજૂર કરવામાં આવે તેમજ મહેસુલી તલાટીઓના પડતર પ્રશ્નો ઉકેલવા માટે સરકાર હકારાત્મક અભિગમ દાખવે તેવી માંગ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટરને આજે આપવામાં આવેલ આવેદનપત્રમાં તલાટી મંડળ દ્વારા ખાલી જગ્યાઓ ભરવા માટે વારંવાર રજુઆતો પછી સરકારે કોઈ હકારાત્મક અભિગમ દાખવ્યો નથી તેથી નારાજગી ઉભી થાય તે સ્વાભાવિક છે. તેમના પ્રશ્નો અંગે તત્કાલીન મહેસુલમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સમક્ષ રજુઆત પણ કરવામાં આવી હતી. રાજીનામુ આપનાર કુમાર ગઢવી એ મંડળના હોદ્દેદાર છે. તેમણે પણ હોદ્દેદાર તરીકે અનેક વખત રજુઆત કરી છે અને મહેસુલી તલાટીઓની બઢતીના મુદ્દે કોઈ નાણાંકીય બોજ પડતો નથી છતાં કેમ અન્યાય કરવામાં આવે છે તેને લઈ નારાજગી જાહેર કરવા રાજીનામુ આપ્યુ છે. મંડળે આ રાજીનામુ ના મંજૂર કરવુ જોઈએ તે માંગ સાથે મંડળે ક્યારેય આંદોલન કર્યા નથી પણ તેમના વ્યાજબી પ્રશ્નોનો ઉકેલ આવે તેમ આવેદન પત્રમાં જણાવ્યુ છે.

# જિલ્લામાં ૫ કેસ નોંધાયા : શહેરમાં ૪, ગ્રામ્યમાં એક કેસ

## ગાંધીનગર તાલુકાની મહિલા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ શહેરમાં સે. ૩, ૮, ૧૧ અને સે-૧૨માંથી કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતારની સ્થિતિએ તંત્રની ચિંતા વધારી છે. જિલ્લામાં આજે કોરોનાના પાંચ કેસ નોંધાયા છે.

શહેરમાં સતત ત્રીજા દિવસે કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા છે અને ગ્રામીણ વિસ્તારમાં એક કેસ નોંધાયો છે.

જિલ્લામાં આજે વધુ ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં પાંચ દર્દીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દીઓ રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ ૯૬ ટકાને પાર કરી ગયો છે. ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકાના જેઠીપુરા ગામે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. જેમાં બે મહિલા દર્દીનો સમાવેશ થાય છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બધા કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા હોવાનું તંત્રની તપાસને અંતે જાણવા મળેલ છે. શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ચાર કેસ જુદા જુદા વિસ્તારોમાંથી મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા જરૂર વધી છે. જો કે પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું સૂત્રો કહી રહ્યા છે.

શહેરમાં સે. ૩, ૮, ૧૧, ૧૨માંથી કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૪એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ પણ એ વાત સ્વીકારી છે કે કોરોનાના હળવા લક્ષણો હોવાથી લોકો હોમ આઈસોલેશનનો વિકલ્પ વધુ પસંદ કરી રહ્યા છે. શહેરમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.

### માણસા તાલુકામાં સ્વાઈન ફ્લુનો કેસ નોંધાયો

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો એક કેસ નોંધાયો છે. આ સાથે ગ્રામ્યમાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૧૫ થઈ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના ૬૯ કેસ નોંધાયા છે.

જિલ્લાના માણસા તાલુકાના ધમેડા ગામે આજે સ્વાઈન ફ્લુનો એક કેસ નોંધાયો છે. જિલ્લાના અંતરિયાળ ગામોમાં સ્વાઈન ફ્લુના કેસો નોંધાતા તંત્રની ચિંતા વધી છે.ધમેડામાં મહિલાનો સ્વાઈન ફ્લુનો કેસ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફ્લુના ૫૪ કેસ નોંધાયા છે. આજે એક પણ કેસ નોંધાયો નથી. ગ્રામ્ય વિસ્તારમાં ૩ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.



પેથાપુર ખાતે ગણેશ મિત્રમંડળ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ મહોત્સવમાં મેયર હિતેષભાઈ મકવાણા, રૂચિરભાઈ ભટ્ટ તેમજ આમ આદમી પાર્ટીના સૂર્યસિંહ ડાભીએ આરતીનો લાભ લીધો હતો.